કેસ રજુ તારીખ : ૧૯/૧૧/૨૦૧૬

કેસ દાખલ તારીખ : ૧૯/૧૧/૨૦૧૬

કેસ ફેસલ તારીખ : ૧૫ / ૦૫ /૨૦૨૩

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૫,મુ. અમદાવાદ.**

---

**ક્રિમી.૫૨.અ.નં.૬૭૪/૧૬**
**આંક –**

અરજદાર : રોમા તે કેતુલકુમાર કમલેશકુમાર ગોરની પત્ની
તે મહેશકુમાર દેરાસરીની દિકરી
રહેવાસી–૪૩,પ્રગતિપાર્ક સોસાયટી,
ધ્રુવ સ્કુલની બાજુમાં,મણિનગર, અમદાવાદ.

વિ.

સામાવાળા :
(૧) કેતુલકુમાર કમલેશકુમાર ગોર (પતિ)
(૨) કમલેશકુમાર શાંતિલાલ ગોર (સસરા)
(૩) સુધાબેન (હેમલતાબેન) કમલેશકુમાર ગોર (સાસુ)
(૪) પૂજાબેન ઉમંગકુમાર ગોર (નણંદ)
(૫) કોમલબેન ભાવેશકુમાર જોષી (નણંદ)
તમામ ઠેકાણુ : બી–૧૬૨, આનંદ ટેનામેન્ટ, સ્મૃતિ મંદિરની સામે, ઘોડાસર, અમદાવાદ.

**બાબત : ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનીયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળ અરજી.**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી બી.આર.ત્રિવેદી
સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી એચ.આર.શાહ

---

–: **<u>ચુ કા દો</u>** :–

(૧) ફરીયાદીએ ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનીયમ ૨૦૦૫ની કલમ–૧૮, ૧૯, ૨૦, અને ૨૨ હેઠળ હાલની અરજી ઉપરોકત સામાવાળાઓ સામે કરેલ છે.

અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન તા. ૨૫/૦૫/૨૦૧૪ ના રોજ સામાવાળા સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધી અને જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન થયેલ લગ્ન થયા બાદ અરજદાર સામાવાળાને ત્યાં લગ્ન જીવનના હકકો ભોગવવા માટે ગયેલા અને ફરીયાદી રાજીખુશીથી રહેતા હતા. આ કામના સામાવાળાઓ ફરીયાદીના સાસરીપક્ષના થતા હોય તેઓને સારી રીતે ઓળખે છે. ફરીયાદી લગ્ન બાદ લગ્નના હકકો ભોગવવા સાસરે ગયેલા અને લગ્નના ચાર પાંચ દિવસ સુધી ફરીયાદી સંયુકત કુંટુંબમાં રોકાયેલા પરંતુ સામાવાળા નં.૧ નાની ધાંગધ્રા મુકામે સ્કુલમાં નોકરી કરતા હોઈ ફરીયાદી તેઓની સાથે લગ્નના હકકો ભોગવવા ધાંગધ્ર મુકામે ગયેલા અને ધાંગધ્રા મુકામે એક વર્ષ જેટલુ સાથે રહેલા ત્યાં સુધી ફરીયાદીને સારી રીતે રાખતા હતા. ત્યારબાદ આ કામના સામાવાળા નં.૧ નાને પ્રમોશન મળતા તેઓની નોકરી પ્રિન્સીપાલ તરીકે હાલમાં થોરી મુબારક તા. વિરમગામ, જી.અમદાવાદ ખાતે તેઓને નોકરી મળેલી અને તેઓની સ્કુલનું નામ પ્રાર્થના પ્રાથમિક શાળા છે અને ફરીયાદીના પતિ નોકરી સવારે જતા અને સાંજે પરત આવતા અપડાઉન કરતા અને અને ફરીયાદી આ સમય દરમ્યાન સંયુકત કુંટુંબમાં રહેતા આવલા હતા. શરૂઆતનું લગ્ન જીવન સારી રીતે ચાલેલું. ત્યારબાદ સામાવાળા નં.૧ નાઓ દરરોજ ઘરે આવીને ફરીયાદીને કોઈ પણ વાંક ગુના વગર નાની નાની નાની બાબત ઝઘડાઓ કરી મેણાં ટોણાં મારતા અને અસહય મારઝુડ કરવા લાગેલા અને ગંદી ગાળો બોલતા અને તુ સારી નથી તેવુ કહીને ઉપારી પાડતા અને કહેતા કે મારુ તુ કંઈ બગાડી શકીશ નહી અને તારાથી થાય તે કરી લે , કોર્ટ અને પોલીસ મારું કંઈ બગાડી શકશે નહીં અને ગાળાગાળી કરી માર મારતા હતા અને ફરીયાદી ઉપર ખોટો વહેમ રાખતા હતા. આ બાબતેની જાણ ફરીયાદીએ પોતાના માતા પિતાને કરેલ ત્યારબાદ આ સામાવાળા ફરીયાદીના માતા પિતા પાસ ે આવેલા અને માફી માંગેલ કે હવે ફરી આવી મારઝુડ કરીશું નહી અને તમારી દીકરીને મારીશ નહી અને સારી રીતે રાખીશ તેવી ખાતરી આપેલી તેથી ફરીયાદીને તેના માતા પિતાએ સાસરી મોકલેલી. ત્યારબાદ પતિ (સામાવાળા) ને કોઈ જ સુધારો વધારો થયેલ નહી અને દિવસે દિવસે ત્રાસ વધતો જતો હતો. સામાવાળા નં.૧ ના ધાંગધ્રા મુકામે નોકરી કરતા હોઈ અને અપડાઉન કરતા હતા અને ફરીયાદી સાસરીમાં સંયુકત કુંટુંબમાં રહેવા માટે ગયેલા અને ફરીયાદીના નણંદ સાસરેથી પરત આવેલ હોવાથી ફરીયાદીએ સામાવાળા નં.૧, ૨ નાને સમજાવેલ કે આપણે બેનના સાસરે જઈને તેઓને સમજાવીએ અને તેડી જવાની વાત કરીએ ત્યારે આ કામના તમામ સામાવાળાઓ ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને બિભત્સ ગાળો આપવા લાગેલા અને માર મારવા લાગેલા ફરીયાદીના નણંદ એટલે કે સામાવાળા નં.૩ નાઓના પહેલા લગ્નથી છુટાછેડા થયેલા છે અને ફરીયાદીના નણંદ પિયરમાં રહેતા હોઈ તેના સાસુ તેમજ તેના પતિને ચઢવણી કરતા હતા કે મારો ભાઈ તો સારુ ભણેલો છે તો તેને તમારા સિવાય બીજી છોકરી સાથે લગ્ન કરેલ હોત તો તેને સારું દહેજ મળત પરંતુ તારી

જોડે લગ્ન કરવાથી કોઈ રકમ મળેલ નથી આમ કહી ફરીયાદીના પતિને ફરીયાદી વિરૂધ્ધ ઉશ્કેરતા અને શારીરીક તેમજ માનસીક ત્રાસ આપતા હતા. તેની નણંદના છુટાછેડા બાદ બીજા લગ્ન ઈડર મુકામે થયેલા ત્યાં પણ તે ઝઘડો કરીને પાછા આવી ગયેલા છે. ફરીયાદી લગ્ન બાદ એક વર્ષ સુધી સારી રીતે રહેલા પરંતુ આજથી છ માસ પહેલાં આ કામના સામાવાળાની નોકરી વિરમગામ થતા ફરીયાદી સાથે આ કામના તમામ સામાવાળાઓ એકસંપ થઈ ઝઘડો કરવા લાગેલા અને ફરીયાદીના કંઈ જ વાંક ગુના વગર સામાવાળાએ ઢોર માર મારેલ અને ફરીયાદીને પહેરેલ કપડે કાઢી મુકેલ અને તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ ફરીયાદી સાથે નાની નાની બાબતમાં ઝઘડો કરેલ અને તમામ સામાવાળાઓએ ફરીયાદીને પિતાને ત્યાંથી પૈસા લઈ આવવાનું જણાવતા અને તે અંગે તેને ના પાડતા સામાવાળાએ ફરીયાદી સાથે મારા મારી કરેલ જેથી ફરીયાદીના માતા આવેલ અને તેઓને સમજાવેલ પરંતે તે સમયે સામાવાળાએ ફરીયાદી તથા તેની માતાને જણાવેલ કે તું અહીંથી જતી રહીશ તો હું આત્મહત્યા કરી લઈશ અને તારું તથા તારા ઘરવાળાના નામો લખાવી દઈશ અને જેલ ભેગા કરી દઈશ તેથી ફરીયાદીએ તે સમયે કોઈ પણ જાતની ફરીયાદ કરેલ નહીં . વધુમાં ફરીયાદી જણાવે છે કે અમો ફરીયાદી અને સામાવાળા હવે ભવિષ્યમાં સાથે રહી શકીએ તેમ નથી અને આ કામના સામાવાળાએ અમો ફરીયાદીનો સંપુર્ણ ત્યાગ કરેલ છે અને આજદીન સુધી કોઈ દેખરેખ રાખેલ નથી કે કોઈ જાતની સાર સંભાળ લીધેલ નથી અને ભવિષ્યમાં પણ રાખે તેમ ન હોઈ તેમજ અમો ફરીયાદીને શારીરીક તેમજ માનસિક ત્રાસ આપેલ હોઈ સદર ફરીયાદ દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે અને આ કામના સામાવાળાના ત્રાસના કારણસર અમો તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજથી માતા પિતાને ત્યાં ઓશીયાળું જીવન વ્યતીત કરી રહેલ છું અને અમારા સાસરે કોઈ સલામતી રહેલ નથી. વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા પોતી પ્રિન્સીપાલ તરીકે નોકરી કરે છે અને માસિક રૂા.૪૦,૦૦૦/– જેટલું કમાય છે. પોતાની માલીકીનું મકાન, વાહન,મોબાઈલ ફોન વિગેરે સાધનો ધરાવી લકઝુરીયસ લાઈફ પસાર કરી રહેલ છે. આ કામના સામાવાળાને અમો ફરીયાદી સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. વધુમાં જણાવેલ છે કે,અમો ફરીયાદી ઓછું ભણેલા છીએ અને કોઈ પણ જાતનો કામ ધંધો કરતા નથી અને હાલ મારું ભરણપોષણ મારા માતા પિતા કરે છે અને તમામ ખર્ચો હાલ મારા માતા પિતા ચુકવી રહયા છે. અરજદારે આ કાયદાની કલમ ૧૮ મુજબ સામાવાળાઓ અમો ફરીયાદીને કોઈપણ જાતનો ત્રાસ પહોંચાડે નહીં કે કોઈ હિંસા કરે કરાવે નહી તેવો સુરક્ષાનો આદેશ કરવા, કલમ–૧૯ મુજબ આ કામના સામાવાળાઓ અમો ફરીયાદીને વૈકલ્પીક ઘર અમદાવાદ મુકામે પુરુ પાડે અથવા તેવા ઘરનું ભાડુ ચુકવે તેવો હુકમ કરવા, કલમ ૨૦ મુજબ આ કામના સામાવાળાઓએ અરજદાર ઉપર ગુજારેલ શારીરીક માનસિક ત્રાસ બદલ વળતરના રૂા. ૫,૦૦,૦૦૦/– તથા તબીબી ખર્ચાઓ તથા ફરીયાદીના

ભરણપોષણના માસિક રૂા. ૨૦,૦૦૦/– દર મહીને નિયમિત ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે તથા ફરીયાદીને આ સિવાય મળવાપાત્ર અને આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તે તમામ દાદ આપવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) અરજદારની ઉપરોકત અરજી રજૂ થતાં અરજી નીચે હુકમ કરી પ્રોટેકશન અધિકારીશ્રીનો રિપોર્ટ મંગાવવા હુકમ કરવામાં આવેલ હતો જે અન્વયે આ કામે આંક–૪ થી પ્રોટેકશન અધિકારીશ્રીએ તેઓનો રિપોર્ટ રજૂ રાખેલ છે. સદરહુ રિપોર્ટ રજૂ થતાં સામાવાળાને અત્રેની અદાલતથી નોટિસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે.

<u>સામાવાળાનો બચાવ</u>:–

(૩) આ કામે સામાવાળાઓને નોટીસની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી ધ્વારા હાજર થયેલ છે અને તેઓનો લેખિત જવાબ આંક– ૦૬ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના અરજદારે સામાવાળા વિરૂઘ્ધ કરેલ અરજી ખોટી અને ઉપજાવી કાઢેલી હોય જે રદ થવાને પાત્ર છે. આ કામના અરજદારે ખોટી રીતે ખોટા પુરાવા ઉભા કરી આ કામના સામાવાળા વિરૂઘ્ધ કરેલ અરજી ગેરકાયદેસરની હોય જે રદ થવાને પાત્ર છે. આ કામના અરજદારને આવી કે આવા પ્રકારની અરજી કરવાનો કોઈ આધારભુત પુરાવો તથા કાયદેસરનો હકક ન હોવા છતા આ કામના સામાવાળાઓને માત્ર હેરાન પરેશાન કરવા સારૂ અરજી કરેલ હોય જે અરજી રદ થવાને પાત્ર છે. અરજીમાં જણાવેલ તમામ આક્ષેપો ખોટા અને ઉપજાવી કાઢેલ છે તે સામાવાળાને મંજુર નથી કબુલ નથી ખરી હકીકતે અમો સામાવાળા નં.૧ ના લગ્ન આ અરજદાર સાથે થયા બાદથી આ અરજદાર લગ્ન બાદ અમો સામાવાળા નં. ૧ સાથે અમારા સંયુકત પરીવારમાં અમારી સાથે વસવાટ કરતા હતા અને અરજદાર સાથે પતિ તરીકેની તમામ જવાબદારીઓ અદા કરતા હતા અને અમો સામાવાળા નં.૧ એ તથા અમારા પરીવારના કોઈપણ સભ્યોએ આ અરજદાર સાથે કયારેય ઝઘડો કરી કોઈ બિભત્સ ગાળો બોલેલ હોય તેવો કોઈ બનાવ કયારેય બનેલ નથી અને તે સંજોગોમાં આ અરજદારની અરજીની કોઈ જ હકીકતો માની શકાય તેમ નથી. તેમજ આ અરજદાર લગ્ન બાદથી અમો સામાવાળા સાથે અમારા સંયુકત પરીવારમાં રહેવા આવેલ ત્યારથી આ અરજદારને ઘરનું કોઈજ કામકાજ કે રસોઈ બનાવતા આવડતુ ન હોઈ સામાવાળા નં.૩ એ અરજદારને પોતાની દીકરી ગણી ખુબજ પ્રેમ પુર્વક રસોઈ તેમજ અન્ય કામકાજ શીખવાડવાનું ચાલુ કરેલ હતુ અને તે રીતે અમો સામાવાળાઓ અને અરજદાર તમામ અમારા સંયુકત પરીવારમાં ખુબજ શાંતીપુર્વક રહેતા હતા. પરંતુ આ

અરજદારને ઘરનું કામકાજ કરવુ ગમતુ ન હતુ અને અરજદાર શરુઆતથી જ સ્વછંદી જીવન જીવવા ટેવાયેલા હોઈ અમો સામાવાળા નં.૧ ને અલગ રહેવા જવા ખુબજ જીદ કરતા હતા અને અમો સામાવાળા તેવા સમયે આ અરજદારને સમજાવવાનો પ્રયત્ન કરીએ તો આ અરજદાર અમો સામાવાળા નં.૧ ઉપર ઉશ્કેરાઈ જતા હતા અને આ અરજદાર અમો સામાવાળા નં.૧ ના માતા પિતા સાથે પણ તોછડાઈભર્યુ વર્તન કરી ઝગડો કરી અમો સામાવાળા નં.૧ તથા અમારા માતા પિતાનું અપમાન કરતા હતા અને આ અરજદાર જયારે પણ ઉશ્કેરાટ કરી ઝગડો કરતા ત્યારે હંમેશા " હું તો મારી મરજી મુજબનું જ જીવન જીવવાની છું અને મને સંયુકત પરીવારમાં રહેવાનું ફાવશે નહી તેથી અલગ રહેવા જવુ હોય તોજ હું તમારી સાથે લગ્ન જીવન વીતાવીશ નહીતર હું મારા પીયરમાં મારા માતા પિતાના ઘરે રહેવા જતી રહીશ અને તમો તમામ વિરૂઘ્ધ ખોટા કેસો કરી તમામને ફસાવી દઈશ તેવી ધમકીઓ આપતા હતા." અને તેવા સમયે પણ સામાવાળા નં.૧ સમજાવી અમોની હાલમાં નવી નવી નોકરી હોઈ હાલમાં નવું મકાન ખરીદ કરવાના પૈસા ન હોવાનું જણાવી અને અમો સામાવાળા નં.૧ ને અમોના માતા પિતાની પણ જવાબદારી હોઈ તેવી તમામ હકીકતો આ અરજદારને અમો સમજાવવા છતા અરજદાર અમોની કોઈજ વાત માનતા નહી અને અરજદાર માત્ર તેઓની મનમાની કરી તેઓની મરજી મુજબનું સ્વછંદી જીવન જીવતા હતા અને તે સંજોગોમાં આ અરજદારે તેઓની અરજીમાં જણાવેલ કોઈજ હકીકતો સાચી કે ખરી ન હોઈ અમો સામાવાળાઓ તેવી કોઈજ હકીકતો કબુલ રાખતા નથી. વધુમાં સામાવાળા જણાવે છે કે, અમો સામાવાળા નં.૧ ના લગ્ન આ અરજદાર સાથે થયા બાદથી અમો સામાવાળાએ આ અરજદાર સાથે પતિ તરીકેની તમામ ફરજો અદા કરેલ છે. પરંતુ અરજદાર લગ્નના થોડા સમય બાદથી અમો સામાવાળા નં.૧ સાથે નાની નાની બાબતોમાં ઝગડો કરતા હોઈ તે સમયે અમો અરજદારને સમજણપુર્વક સમજાવવાનો પ્રયત્ન કરી અરજદારને શાંત પાડતા હતા અને અમો સામાવાળા અમોનુ લગ્નજીવનમાં કોઈ ભંગાણ ન પડે તેવા પ્રયત્નો કરતા હતા. પરંતુ અમો સામાવાળા નં.૧ તથા અરજદારના લગ્નના થોડા સમય બાદથી આ અરજદારના માતુશ્રી અરજદારને ફોન કરી સતત અમો સામાવાળા નં.૧ તથા અમોના માતા પિતા વિરૂઘ્ધ ખોટી રીતે ચઢવણી કરી અમો સામાવાળા તથા અરજદાર વચ્ચે ઝગડા ઉભા કરાવવાના પ્રયત્નો કરતા હતા અને તે મુજબ અરજદાર તેઓના માતુશ્રીની ચઢવણીથી અમો સામાવાળાઓ સાથે ઝગડો કરી અમો સામાવાળાઓને ખોટા કેસો કરી ફસાવી દેવાની ધમકીઓ આપતા હતા અને તે રીતે આ અરજદારને ઘરનું કોઈ કામકાજ પણ કરવુ ગમતુ ન હોઈ અને અરજદાર સ્વછંદી જીવન જીવવા ટેવાયેલા હોઈ અરજદારને ઘરનું કામ કરવુ પડે તો પણ અરજદાર અમો સામાવાળા સાથે ઝગડો કરતા અને તેમ છતા અમો સામાવાળા નં.૧ તથા અરજદારના લગ્નજીવનમાં કોઈ ભંગાણ ન પડે તેવા હેતુથી અમો સામાવાળા અરજદારની તમામ વર્તણુકો સહન કરે જતા હતા તેમજ અરજદારના ભાઈના

લગ્ન સમયે અરજદાર અમો સામાવાળાએ લગ્ન સમયે અરજદારને આપેલ સોના ચાંદીના દાગીના સહીતનું તમામ સ્ત્રીધન લઈ અરજદાર તેઓના પીયર ગયા હતા અને તે સમયે અમો સામાવાળા નં.૧ એ અરજદારને તેઓના ભાઈના લગ્નમાં જે દરદાગીના પહેરવાના હોય તેટલાજ લઈ જવાનુ જણાવતા અરજદારે અમો સામાવાળાને જણાવેલ કે હાલ હું તમામ દર દાગીના લઈ જઈશ અને ત્યારબાદ લગ્ન સમયે કયા દાગીના પહેરવા તે નકકી કરીશ તેવુ જણાવી અને ત્યારબાદ લગ્ન સમયે કયા દાગીના પહેરવા તે નકકી કરીશ તેવુ જણાવી અરજદાર અમો સામાવાળાના ત્યાંથી તેઓના તમામ સોના ચાંદીના દર દાગીના સહીતનું સ્ત્રીધન લઈ તેઓના પીયર ભાઈના લગ્નમાં પહેરવાનુ જણાવી લઈ ગયેલ છે ત્યારબાદથી અરજદાર તે સોના ચાંદીના દાગીના સહીતનું સ્ત્રીધન પરત લાવેલ નથી અને અરજદારનું સ્ત્રીધન તેઓની પાસે છે અને અરજદાર તેઓના ભાઈના લગ્ન બાદ અમો સામાવાળાના ત્યાં પરત આવેલ તે સમયે પણ અરજદાર નાની નાની વાતોમાં ઝગડા કરી તેમજ અરજદાર પીયર ચાલ્યા જવાની ધમકી આપી અમોને ખોટા કેસોમાં ફસાવી દેવાનું જણાવી અરજદાર ફેબ્રુઆરી–૨૦૧૬ માં તેઓની સ્વેચ્છાએ અમો સામાવાળાના ઘરનો ત્યાગ કરી તેઓના પીયર ચાલ્યા ગયેલ છે અને અમો સામાવાળાએ અરજદારને અનેક વખત સમજાવવાના પ્રયત્ન કરી અમો સામાવાળા નં.૧ સાથે રહેવા પરત આવવા જણાવેલ હોવા છતા અરજદાર અમો સામાવાળા નં.૧ સાથે રહેવા પરત આવેલ નથી. વધુમાં સામાવાળા જણાવે છે કે , અમો સામાવાળા નં.૧ આપ નામદાર કોર્ટને જણાવીએ છીએ કે, અમો સામાવાળા નં.૧ અમારા ઘરમાં એકલા કમાનાર વ્યકિત છીએ અને સામાવાળા નં.૨ તથા ૩ અમારા માતા પિતા થાય છે તેઓ વૃઘ્ધ ઉંમરના હોઈ અમો સામાવાળા નં.૧ ના માતા પિતાની સંપુર્ણ જવાબદારી અમો સામાવાળા નં.૧ ઉપર છે તેમજો અમો સામાવાળા નં.૧ ને બે બહેનો હોઈ જેથી પણ અમો સામાવાળા નં.૧ ઉપર સામાજીક જવાબદારીઓ પણ રહેલી છે અને તે સંજોગોમાં હાલમાં અમો સામાવાળા નં.૧ વીરમગામ મુકામે નોકરી કરતા હોઈ અમોને અમદાવાદ થી વીરમગામ આવવા જવામાં પણ મોટો ખર્ચ થાય છે અને તે રીતે અમો સામાવાળા નં.૧ ઉપર અમારા માતા–પિતા તથા દાદીમા સહીતના કુંટુંબના તમામ સભ્યોની ભરણપોષણની સંપુર્ણ જવાબદારી રહેલી હોઈ અને અમોના માતા પિતા તથા દાદીનો દર મહીને રેગ્યુલર દવાના ખર્ચની પણ જવાબદારી અમો સામાવાળા નં.૧ ઉપર રહેલી છે.

સબબ આ કામના અરજદારે કરેલ અરજી ખોટી બીનકાયદેસર હોય માત્રને માત્ર સામાવાળાઓને હેરાન પરેશાન કરવા સારૂ તેમજ રૂપિયા પડાવવા સારૂ ખોટા બનાવો ઉપજાવી કાઢી ખોટી અરજી કરેલ હોય જે રદ બાતલ થવાને પાત્ર હોય આ કામના અરજદારની અરજી રદ કરી આ કામના સામાવાળાઓને મજકુર કામમાંથી મુકત કરવા હુકમ કરવા ન્યાયના

હિતમાં મહે. કરવા અરજ કરેલ છે.

## (૪) અરજદાર તરફે રજુ થયેલ પુરાવોઃ–

**<u>મૌખિક પુરાવો :–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | અરજદાર રોમા તે કેતુલકુમાર કમલેશકુમાર ગોરની પત્ની તે મહેશકુમાર દેરાસરીની દિકરીની સરતપાસ એફીડેવીટ જુબાની. |
| ૨ | ૧૫ | સદરહું કામમાં મિલકત અંગેનું અરજદારનું સોગંદનામું |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ |
| ૨ | ૧૯ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ |

## (૫) સામાવાળા તરફે રજુ થયેલ પુરાવોઃ–

**<u>મૌખિક પુરાવો :–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | સામાવાળા કેતુલકુમાર કમલેશકુમાર ગોરની સરતપાસ એફીડેવીટ જુબાની. |
| ૨ | ૧૭ | સદરહું કામમાં મિલકત અંગેનું સામાવાળાનું સોગંદનામું |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| અ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૮ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ |
| ૨ | ૨૩ | કલોઝીગ પુરસીસ |

(૬) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રીથી રજુ કરેલ આંક–૨૬ થી લેખિત દલીલો તથા અને સામાવાળા તરફે આંક–૨૭ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી.

અરજદારની આંક–૨૬ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લેતા મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે અરજદારના લગ્ન થયા બાદ ચાર પાંચ દિવસ સુધી સંયુકત કુંટુંબમાં રોકાયેલા

અને ત્યારબાદ સામાવાળા નં.૧ ધાંગધ્રા મુકામે સ્કુલમાં નોકરી કરતા હોય તેઓની સાથે ધાંગધ્રા મુકામે એક વર્ષ જેટલુ સાથે રહેલા અને ત્યાં સુધી સારી રીતે રાખેલ અને ત્યારબાદ સામાવાળા નં.૧ ને પ્ર મોશન મળતા તેઓની નોકરી પ્રિન્સિપાલ તરીકે હાલમાં થોરી મુબારક તા. વિરમગામ જી.અમદાવાદ ખાતે પ્રાથના પ્રાથમિક શાળામાં થયેલ હોય જેથી તેમના પતિ નોકરી સવારે જતા અને સાંજે પરત આવતા અપડાઉન કરતા હતા આ સમય દરમ્યાન સંયુકત કુંટુંબમાં રહેવા આવેલ ત્યાં શરૂઆતનું લગ્નજીવન સારીરીતે ચાલેલુ. ત્યારબાદ સામાવાળાઓ ફરીયાદી સાથે નાની નાની બાબતે ઝઘડાઓ કરી મેણાં ટોણાં મારતા અને મારઝુડ અને ગંદી ગાળો બોલતા હતા અને સામાવાળા નં.૧ દરરોજ ઘરે આવીને અરજદારને મારઝુડ કરતા અને તુ સારી નથી તેવુ કહીને ઉતારી પાડતા અને કહેતા કે મારુ તુ કંઈ બગાડી શકીશ નહી અને તારાથી થાય તે કરી લે કોર્ટ અને પોલીસ મારુ કંઈ બગાડી શકશે નહીં. અરજદાર સંયુકત કુંટુંબમાં રહેવા ગયેલા ત્યાં તેમના નણંદ સાસરેથી પરત આવેલ હોવાથી અરજદારે સામાવાળા નં.૧,૨ નાને સમજાવેલ કે આપણે બેનના સાસરે જઈને તેઓને સમજાવીએ અને તેડી જવાની વાત કરીએ ત્યારે સામાવાળા તેની ઉપર ઉશ્કેરાઈ જઈને બિભત્સ ગાળો આપી માર મારેલ અને તેમની નણંદ એટલે કે સામાવાળા નં.૩ ના પહેલા લગ્નથી છુટાછેડા થયેલા છે અને તેણી તેના સાસુ તેમજ પતિને ચઢવણી કરી શારીરીક માનસિક ત્રાસ આપતા હતા. આ કામના અરજદારને તા.૪/૨/૨૦૧૬ ના રોજ પહેરેલ કપડે ઢોર માર મારીને કાઢી મુકેલ અને સામાવાળા અરજદારને તેના પિતાના ત્યાંથી પૈસા લઈ આવવાનું જણાવતા અને અરજદારે ના પાડતા તેની સાથે મારા મારી કરેલ અને અરજદારની માતા આવીને તેઓને સમજાવેલ અને સામાવાળા અરજદાર તથા તેની માતાને જણાવેલ કે તુ અહીંથી જતી રહીશ તો હું આત્મહત્યા કરી લઈશ અને તારુ અને તારા ઘરવાળાના નામો લખાવી દઈશ અને જેલ ભેગા કરી દઈશે જેથી અરજદારે તે સમયે કોઈપણ જાતની ફરીયાદ કરેલ નહીં. અરજદારના પતિનો નોકરીનો સમય ૧૦–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધીનો હતો તેના પતિ અરજદાર સાથે પિયરમાં તેના માતા પિતા, ભાઈ સાથે વાત કરવી નહીં તેમ જણાવતા અને તેને લઈને ઝગડો કરતા હતા. તેના પતિની નોકરીનો સમય શનિવાર, રવિવારની રજામાં તેના પતિ સાથે અરજદાર પોતાના પિયર જતી હતી. અરજદાર સાસરીયામાં પરણીને ગઈ છે તે દિવસથી તેને સાસરીયામાં મારીને ટોચર કરેલ છે અને જાન્યુઆરી ૨૦૧૬ માં તેને સાસરીયામાંથી પહેરેલ કપડે કાઢી મુકેલા છે . આ કામના સામાવાળાના ત્રાસના કારણસર અમો તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજથી માતા પિતાને ત્યાં ઓશીયાળું જીવન વ્યતીત કરી રહેલ છું અને અમારા સાસરે કોઈ સલામતી રહેલ નથી. વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા પોતી પ્રિન્સીપાલ તરીકે નોકરી કરે છે અને માસિક રૂા.૪૦,૦૦૦/– જેટલું કમાય છે. પોતાની માલીકીનું મકાન, વાહન,મોબાઈલ ફોન વિગેરે સાધનો ધરાવી લકઝુરીયસ લાઈફ પસાર કરી રહેલ છે. આ કામના

સામાવાળાને અમો ફરીયાદી સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. વધુમાં જણાવેલ છે કે,અમો ફરીયાદી ઓછું ભણેલા છીએ અને કોઈ પણ જાતનો કામ ધંધો કરતા નથી અને હાલ મારું ભરણપોષણ મારા માતા પિતા કરે છે અને તમામ ખર્ચો હાલ મારા માતા પિતા ચુકવી રહયા છે.

આંક–૨૭ થી સામાવાળાની રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લેતા મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, અરજદાર તા.૨૫/૫/૨૦૧૪ થી જયારથી લગ્ન થયા ત્યારથી કોઈ આદર્શ પત્ની તરીકે કોઈ જ કાર્ય કરેલ નથી અને લગ્ન બાદ તેઓ સંયુકત કુંટુંબમાં ફકત ત્રણ જ દિવસ રહયા હતા અને ત્યારબાદ ધાંગધ્રા મુકામે તેઓની સાથે રહેતા હતા અને સામાવાળા નોકરીએથી ઘરે પરત આવે તો પાણીનો ગ્લાસ પણ આપતા ન હતા અને ઘરસંસાર બગડી નહીં તે સારુ બધુ જ સહન કરતા હતા અને અરજદાર દર અઠવાડીયે તેઓના માતાના ઘરે જતા હતા અને તેઓની માતાની ચડામણીથી સામાવાળા સાથે નાની નાની બાબતોમાં ઝઘડો કરતા હતા અને તેઓ જાણતા હતા કે અમારી સરકારી નોકરી છે તેથી તેઓ વારંવાર ધમકીઓ આપતા હતા અને અત્યારે મહિલાઓના કાયદા ચાલતા હોવાથી હું તમોને તેમજ તમારા કુંટુંબની ઉપર કેસો કરી કયાંયના રહેવા દઈશ નહી તેવી ધમકીઓ આપતા હતા અને છેવટે તેમજ કર્યુ અને અરજદાર તેના મામાના છોકરાના લગ્નમાં પોતાની બધી વસ્તુઓ લઈને લગ્નમાં જાઉં છું તેમ કરીને તેની માતાના ઘરે જતા રહયા હતા અને ત્યારબાદ નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. સામાવાળા વધુમાં જણાવે છે કે અમો સામાવાળાઓએ અરજદારને કોઈપણ જાતનાો શારીરીક, માનસિક તેમજ આર્થિક ત્રાસ આપેલ નથી અને જો અમોએ આવો ત્રાસ આપ્યો હોય તો તેઓએ અમારી વિરૂઘ્ધ પોલીસમાં કે કોઈપણ બીજી જગ્યાએ કોઈપણ જાતની ફરીયાદ કરેલ નથી માત્ર રૂપિયા પડાવવા સારુ અમારી સામે ડોમેસ્ટીક એકટ હેઠળ ફરીયાદ કરેલ છે અને નામદાર સાહેબ સમક્ષ વચગાળાનો હુકમ કરાવીને અમારી પાસેથી ભરણપોષણ પેટેની રકમ રૂપિયા ૨,૨૫,૦૦૦/– જુદા જુદા નંબરના ચેકથી મેળવેલ છે. વધુમાં સામાવાળા જણાવે છે કે તેઓને છ મહીના પહેલા જ પ્રિન્સીપાલ તરીકેનો હોદ્દો મળેલ છે તે પહેલા તેઓ આસિસ્ટન્ટ શિક્ષક તરીકે નોકરી કરતા હતા સામાવાળા ઉપર તેમની માતા, પિતા તેમજ બહેનોની તેમજ બહેનોના પ્રસંગોની જવાબદારી તેઓની ઉપર છે. સામાવાળા વધુમાં જણાવે છે કે તેઓનું ઘર તેમના પિતાના નામે છે અને અરજદાર જણાવે છે કે સિહોલ ગામ, જી.અરવલ્લી ખાતે તેમના પિતા તેમજ કાકાની સંયુકત જમીન આવેલ છે પરંતુ તે જમીન તેમની દાદીની આવેલી છે અને તેમાંથી તેઓનો જીવન નિર્વાહ ચાલતો હતો અને તેમાંથી કાંઈ ઉપજે તેવુ નથી અને આ જમીનમાં તેમનો કોઈ પણ પ્રકારનો લાગ ભાગ હિસ્સો નથી. અરજદાર કોઈ ભાડાના મકાનમાં રહેતા નથી અને અરજદારના માતા અને બંને ભાઈઓ વેલ સેટ છે અને તેમની માતા

અમદાવાદમાં સ્વતંત્ર મકાન ધરાવે છે અને ભાડાની આવક પણ સારી એવી છે. અરજદારના મોટા ભાઈ મહારાષ્ટ્રમાં ડોમ્બીવલી વિસ્તારમાં સ્વતંત્ર મકાન ધરાવે છે અને તેઓ સાધન સંપન્ન છે . અરજદારના નાના ભાઈ વિદેશમાં કેનેડામાં કેલગરીમાં સ્થાયી થયેલા છે અને ત્યાંનું ગ્રીન કાર્ડ પણ ધરાવે છે . અરજદાર બ્યુટીપાર્લર ચલાવીને મહિને રૂા.૧૫,૦૦૦/– કમાય છે અને પોતાનું જીવન નિર્વાહ ચલાવે છે અને તેઓને કોઈપણ જાતના રૂપિયાની જરૂર નથી અને પોતાની માતા સાથે રહીને વૈભવી જીવન જીવે છે અને અમારી વિરૂધ્ધ ખોટી ડોમેસ્ટીક એકટ હેઠળ અરજી કરીને રૂપિયા પડાવે છે અને તેઓએ વચગાળાના રૂપિયા ભરવા માટે રૂા.૫,૦૦,૦૦૦/– ની ક્રેડીટ સોસાયટીની લોન લીધેલ છે અને તેના હપ્તા તેમની કમાણીમાંથી ભરે છે તેમ જણાવી દલીલમાં જણાવેલ હકીકતનોના આધારે અરજદારની અરજી રદ થવાને પાત્ર છે.

(૭) ઉપરોકત હકીકતોએ પ્રસ્તુત અરજીમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્રાઓ ઉપસ્થિત થયેલ છે.

## <u>નિર્ણાયક મુદ્દાઓ :</u>

(૧) શું ફરીયાદી પુરવાર કરે છે કે, સામાવાળાઓ તરફથી તેણીને ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ –૨૦૦૫ ની કલમ –૩ માં (ડીફાઈન્ડ) નિર્ધારીત કરેલ ઘરેલું હિંસાનો ભોગ બનાવેલ છે ?

(૨) શું ફરીયાદી ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ –૧૮ હેઠળ રક્ષણનો હુકમ સામાવાળા સામે મેળવવા હકકદાર છે ?

(૩) શું ફરીયાદી કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમની કલમ– ૧૯ (૧) હેઠળ રહેઠાણના હુકમો મેળવવા હકકદાર છે ?

(૪) શું અરજદાર ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓ ના રક્ષણ અધીનીયમ ની કલમ–૨૦ અન્વયે ભરણપોષણનો હુકમ મેળવવા હકદાર છે ?

(૫) શું અરજદાર ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓ ના રક્ષણ અધીનીયમ ની કલમ–૨૧

અન્વયે કસ્ટડી હુકમ મેળવવા હકદાર છે ?

(૬) શું ફરીયાદી ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ કલમ – ૨૨ હેઠળ વળતરનો હુકમ મેળવવા હકકદાર છે ? જો હા તો કયા કયા પ્રતિવાદી સામે ? અને કેટલું ?

(૬) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશતઃ હકારમાં.

(૨) અંશતઃ હકારમાં.

(૩) અંશતઃ હકારમાં.

(૪) અંશતઃ હકારમાં.

(૫) અંશતઃ હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

–: **<u>કા ર ણો</u>** :–

**<u>મુદ્દા નં.૧થી ૫ ની ચર્ચા :</u>**

(૯) મુદ્દા નં.૧ થી ૪ એકબીજી હકીકતો અને પુરાવાઓથી જોડાયેલા હોઈ પુરાવાના વિશ્લેષણ સમયે હકીકતોનું, પુરાવાઓનું અને ચર્ચાનું પુનરાવર્તન ટાળવા અને ચુકાદાનું કદ મર્યાદામાં રાખવા તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરૂ છું.

ફરીયાદી તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લઈ લક્ષમાં લીધું. તેમજ પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા.

<u>**અરજદાર પક્ષનો પુરાવો**</u> :–

(૧૦) હાલના કામે **અરજદાર રોમા કેતુલકુમાર ગોરનાઓએ આંક–૧૦ થી સરતપાસની એફીડેવીટ** રજૂ કરેલ છે જે ઘ્યાને લેતાં, તેમાં મુખ્યત્વે અરજીની હકીકતોનું પુર્નાવર્તન કરી અરજીને સમર્થનકારી સરતપાસ આપેલ છે.

અરજદારના લગ્ન તા. ૨૫/૦૫/૨૦૧૪ ના રોજ સામાવાળા સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધી અને જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન થયેલ લગ્ન થયા બાદ અરજદાર સામાવાળાને ત્યાં લગ્ન જીવનના હકકો ભોગવવા માટે ગયેલા અને ફરીયાદી રાજીખુશીથી રહેતા હતા. આ કામના સામાવાળાઓ ફરીયાદીના સાસરીપક્ષના થતા હોય તેઓને સારી રીતે ઓળખે છે. ફરીયાદી લગ્ન બાદ લગ્નના હકકો ભોગવવા સાસરે ગયેલા અને લગ્નના ચાર પાંચ દિવસ સુધી ફરીયાદી સંયુકત કુંટુંબમાં રોકાયેલા પરંતુ સામાવાળા નં.૧ નાની ધાંગધ્રા મુકામે સ્કુલમાં નોકરી કરતા હોઈ ફરીયાદી તેઓની સાથે લગ્નના હકકો ભોગવવા ધાંગધ્ર્ા મુકામે ગયેલા અને ધાંગધ્રા મુકામે એક વર્ષ જેટલુ સાથે રહેલા ત્યાં સુધી ફરીયાદીને સારી રીતે રાખતા હતા. ત્યારબાદ આ કામના સામાવાળા નં.૧ નાને પ્રમોશન મળતા તેઓની નોકરી પ્રિન્સીપાલ તરીકે હાલમાં થોરી મુબારક તા. વિરમગામ, જી.અમદાવાદ ખાતે તેઓને નોકરી મળેલી અને તેઓની સ્કુલનું નામ પ્રાર્થના પ્રાથમિક શાળા છે અને ફરીયાદીના પતિ નોકરી સવારે જતા અને સાંજે પરત આવતા અપડાઉન કરતા અને અને ફરીયાદી આ સમય દરમ્યાન સંયુકત કુંટુંબમાં રહેતા આવલા હતા. શરૂઆતનું લગ્ન જીવન સારી રીતે ચાલેલું. ત્યારબાદ સામાવાળા નં.૧ નાઓ દરરોજ ઘરે આવીને ફરીયાદીને કોઈ પણ વાંક ગુના વગર નાની નાની નાની બાબત ઝઘડાઓ કરી મેણાં ટોણાં મારતા અને અસહય મારઝુડ કરવા લાગેલા અને ગંદી ગાળો બોલતા અને તુ સારી નથી તેવુ કહીને ઉપારી પાડતા અને કહેતા કે મારુ તુ કંઈ બગાડી શકીશ નહી અને તારાથી થાય તે કરી લે , કોર્ટ અને પોલીસ મારું કંઈ બગાડી શકશે નહી અને ગાળાગાળી કરી માર મારતા હતા અને ફરીયાદી ઉપર ખોટો વહેમ રાખતા હતા. આ બાબતેની જાણ ફરીયાદીએ પોતાના માતા પિતાને કરેલ ત્યારબાદ આ સામાવાળા ફરીયાદીના માતા પિતા પાસે આવેલા અને માફી માંગેલ કે હવે ફરી આવી મારઝુડ કરીશું નહી અને તમારી દીકરીને મારીશ નહી અને સારી રીતે રાખીશ તેવી ખાતરી આપેલી તેથી ફરીયાદીને તેના માતા પિતાએ સાસરી મોકલેલી. ત્યારબાદ પતિ (સામાવાળા) ને કોઈ જ સુધારો વધારો થયેલ નહી અને દિવસે દિવસે ત્રાસ વધતો જતો હતો. સામાવાળા નં.૧ ના ધાંગધ્રા મુકામે નોકરી કરતા હોઈ અને અપડાઉન કરતા હતા અને ફરીયાદી સાસરીમાં સંયુકત કુંટુંબમાં રહેવા માટે ગયેલા અને ફરીયાદીના નણંદ સાસરેથી પરત આવેલ હોવાથી ફરીયાદીએ સામાવાળા નં.૧, ૨ નાને સમજાવેલ કે આપણે બેનના સાસરે જઈને તેઓને

સમજાવીએ અને તેડી જવાની વાત કરીએ ત્યારે આ કામના તમામ સામાવાળાઓ ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને બિભત્સ ગાળો આપવા લાગેલા અને માર મારવા લાગેલા ફરીયાદીના નણંદ એટલે કે સામાવાળા નં.૩ નાઓના પહેલા લગ્નથી છુટાછેડા થયેલા છે અને ફરીયાદીના નણંદ પિયરમાં રહેતા હોઈ તેના સાસુ તેમજ તેના પતિને ચઢવણી કરતા હતા કે મારો ભાઈ તો સારુ ભણેલો છે તો તેને તમારા સિવાય બીજી છોકરી સાથે લગ્ન કરેલ હોત તો તેને સારું દહેજ મળત પરંતુ તારી જોડે લગ્ન કરવાથી કોઈ રકમ મળેલ નથી આમ કહી ફરીયાદીના પતિને ફરીયાદી વિરૂધ્ધ ઉશ્કેરતા અને શારીરીક તેમજ માનસીક ત્રાસ આપતા હતા. તેની નણંદના છુટાછેડા બાદ બીજા લગ્ન ઈડર મુકામે થયેલા ત્યાં પણ તે ઝઘડો કરીને પાછા આવી ગયેલા છે. ફરીયાદી લગ્ન બાદ એક વર્ષ સુધી સારી રીતે રહેલા પરંતુ આજથી છ માસ પહેલાં આ કામના સામાવાળાની નોકરી વિરમગામ થતા ફરીયાદી સાથે આ કામના તમામ સામાવાળાઓ એકસંપ થઈ ઝઘડો કરવા લાગેલા અને ફરીયાદીના કંઈ જ વાંક ગુના વગર સામાવાળાએ ઢોર માર મારેલ અને ફરીયાદીને પહેરેલ કપડે કાઢી મુકેલ અને તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ ફરીયાદી સાથે નાની નાની બાબતમાં ઝઘડો કરેલ અને તમામ સામાવાળાઓએ ફરીયાદીને પિતાને ત્યાંથી પૈસા લઈ આવવાનું જણાવતા અને તે અંગે તેને ના પાડતા સામાવાળાએ ફરીયાદી સાથે મારા મારી કરેલ જેથી ફરીયાદીના માતા આવેલ અને તેઓને સમજાવેલ પરંતે તે સમયે સામાવાળાએ ફરીયાદી તથા તેની માતાને જણાવેલ કે તું અહીંથી જતી રહીશ તો હું આત્મહત્યા કરી લઈશ અને તારું તથા તારા ઘરવાળાના નામો લખાવી દઈશ અને જેલ ભેગા કરી દઈશ તેથી ફરીયાદીએ તે સમયે કોઈ પણ જાતની ફરીયાદ કરેલ નહી . વધુમાં ફરીયાદી જણાવે છે કે અમો ફરીયાદી અને સામાવાળા હવે ભવિષ્યમાં સાથે રહી શકીએ તેમ નથી અને આ કામના સામાવાળાએ અમો ફરીયાદીનો સંપુર્ણ ત્યાગ કરેલ છે અને આજદીન સુધી કોઈ દેખરેખ રાખેલ નથી કે કોઈ જાતની સાર સંભાળ લીધેલ નથી અને ભવિષ્યમાં પણ રાખે તેમ ન હોઈ તેમજ અમો ફરીયાદીને શારીરીક તેમજ માનસિક ત્રાસ આપેલ હોઈ સદર ફરીયાદ દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે અને આ કામના સામાવાળાના ત્રાસના કારણસર અમો તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજથી માતા પિતાને ત્યાં ઓશીયાળું જીવન વ્યતીત કરી રહેલ છું અને અમારા સાસરે કોઈ સલામતી રહેલ નથી. વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા પોતી પ્રિન્સીપાલ તરીકે નોકરી કરે છે અને માસિક રૂા.૪૦,૦૦૦/– જેટલું કમાય છે. પોતાની માલીકીનું મકાન, વાહન,મોબાઈલ ફોન વિગેરે સાધનો ધરાવી લકઝુરીયસ લાઈફ પસાર કરી રહેલ છે. આ કામના સામાવાળાને અમો ફરીયાદી સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. વધુમાં જણાવેલ છે કે,અમો ફરીયાદી ઓછું ભણેલા છીએ અને કોઈ પણ જાતનો કામ ધંધો કરતા નથી અને હાલ મારું ભરણપોષણ મારા માતા પિતા કરે છે અને તમામ ખર્ચો હાલ મારા માતા પિતા ચુકવી રહયા છે.

ત્યાર બાદ **સામાવાળાના વિ.વ.શ્રી તરફે અરજદારની ઉ.ત.** કરવામાં આવતા એ વાત ખરી હોવાનું જણાવે છે કે, સામાવાળા સાથે તેના લગ્ન તા.૨૫/૫/૨૦૧૪ ના રોજ થયેલ અને લગ્ન પછી સાસરીમાં તેણી પાંચ દિવસ રહેલી અને તેના પતિ ધાંગધ્રા નોકરી કરતા હોઈ તેમની સાથે એક વરસ ધાંગધ્રા રહેલી. એ વાત ખરી છે કે, ધાંગધ્રા અરજદાર અને તેના પતિ બે જ રહેતા હતા. તેના પતિનો નોકરીનો સમય ૧૦–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધીનો હતો. તેના પતિ અરજદાર સાથે પિયરમાં તેના માતા પિતા, ભાઈ સાથે ફોન પર વાત નહી કરવી તેને લઈને ઝગડો કરતા હતા. તેના પતિની નોકરીનો સમય શનિવાર, રવિવારની રજામાં તેના પતિ સાથે અરજદાર પોતાના પિયર જતી હતી. એ વાત ખરી છે કે, તેના પતિ તેની સાથે ઝગડો, મારઝુડ કરતા હોય તે અંગે તેને કોઈ ફરીયાદ કરેલ નથી અને તેણી ધોરણ ૧૦ પાસ છે અને તેને બ્યુટી પાર્લરનો કોર્સ કરેલ છે. જે દિવસથી તેણી સાસરીયામાં પરણીને ગઈ છે તે દિવસથી તેને સાસરીયામાં મારીને ટોચર કરેલ છે . એ વાત ખરી છે કે, તેણીએ સામાવાળાઓ સામે મારઝુડ બાબતે પોલીસ ફરીયાદ કરેલ નથી. સાસરીયામાંથી તમે પિયર કયારે જતા રહેલા તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે જાન્યુઆરી ૨૦૧૬ માં તેને સાસરીયામાંથી પહેરેલ કપડે કાઢી મુકેલા. એ વાત ખરી છે કે, તેણી તેના ભાઈના લગ્નમાં પિયર ગયેલી. તમારા ભાઈના લગ્ન પતી ગયા પછી સામાવાળાઓ તમને આવવા માટે તેડતા તમો આવવાની ચોખ્ખી ના પાડેલી તેના જવાબમાં મારી સાથે મારઝુડ કરતા હોઈ હું કેવી રીતે આવી શકતી હતી ? તમને સમજાવા માટે સામાવાળા પાંચ વ્યકિતઓ મોકલેલા તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, અમારા પક્ષે પણ સમજાવા માણસો મોકલેલા પરંતુ તેમને ચોખ્ખી ના પાડવામાં આવેલી.

(૧૧) ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૬ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને આંક–૧૯ થી પુરાવા લીસ્ટ રજુ કરવામાં આવે છે, ત્યારબાદ સામાવાળા પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

<u>**સામાવાળા પક્ષનો પુરાવો**</u> :–

(૧૨) ત્યાર બાદ સામાવાળા તરફે **કેતુલકુમાર કમલેશકુમાર ગોરનાઓની સરતપાસ એફીડેવીટ આંક–૧૪** રજુ કરેલ છે જે ઘ્યાને લેતાં, તેમાં મુખ્યત્વે તેઓના જવાબની હકીકતોનું પુર્નાવર્તન કરી અરજીને સમર્થનકારી સરતપાસ આપેલ છે.

ત્યાર બાદ **અરજદારના વિ.વ.શ્રી ઘ્વારા સદરહું સાહેદની ઉ.ત.** કરવામાં આવતા જણાવેલ છે કે, સામાવાળા તથા અરજદારના લગ્ન અગાઉ ૬ થી ૧૦ માસ અગાઉ એન્ગેજમેન્ટ

થયેલ. અરજદાર સાથે લગ્ન અગાઉ અરજદારના પિતાજી ગુજરી ગયેલ હતા તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે અરજદારના પિતા ગુજરી ગયા હતા કે કેમ તે બાબતે તેઓને કાંઈ કહેવામાં આવેલ ન હતું . એ વાત ખરી છે કે અગાઉ અને લગ્ના ૬ થી ૧૦ માસના સમયમાં તેઓ અરજદારના ઘરે આવતા જતા હતા જે મહીનામાં એક બે વખત જતા હતા. એ વાત ખરી છે કે અરજદારના ઘરે આવતા જતા હોઈ કુંટુંબના માણસો વિષે માહીતગાર હતા. મે આ કામે રજુ સામાવાળાનો જવાબ તેમજ મારુ પુરાવાનુ ં સોગંધનામું વાંચેલું છે. એ વાત ખરી છે કે, લગ્નબાદ તેઓ ધાંગધ્રા મુકામે બીજા સામેવાળાઓથી અલગ રહેતા હતા ધાંગધ્રા પછી તેઓ વિરમગામ ગયેલા ત્યાં ધાંગધ્રા એક વર્ષ રહેલા વિરમગામથી તેઓ અપડાઉન કરતા હતા ત્યારે અરજદાર તેઓના માતા પિતા સાથે અમદાવાદ રહેતા હતા. તમે નોકરી પર હોઈ પાછળથી અરજદાર સાથે શુ બનેલું હોય તેની જાણ ના હોય તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે તેઓ સાંજે ઘરે આવતા ત્યારે માતા પિતા જાણ કરતા હતા. શું તમે અરજદારને તેડી લઈ જવા તૈયાર છો તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે અરજદાર પ્રત્યેથી તેઓને શારીરીક માનસીક ત્રાસ પહોંચેલ હોય તેડી જવાનો પ્રશ્ન થતો નથી. અરજદાર હેરાન પરેશાન બાબતે તમે સમાજમાં જાણ કરેલી હતી તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે ઘરની વાત બહાર ના જાય એટલે કરેલ ના હતી. હાલમાં તેમનો ગ્રોસ પે ૫૭૦૦૦ રૂપિયા છે. તેમના માતા પિતા ગાડી ચલાવતા નથી. એ વાત ખરી છે કે, આર.ટી.ઓ.માં વેગનઆર ગાડી તેમના માતાના નામે લીધેલી અને સદર સાહેદ જણાવે છે કે સદર વેગનઆર તેઓના માતા પિતાએ હાલનો કેસ દાખલ થયા પછી લીધેલી સદર ગાડીનો ઉપયોગ તેમના માતા પિતાની સેવા માટે અંગત ઉપયોગ માટે કરતા નથી. હાલમાં તેઓની પાસે માલિકીની બાઈક જીજે. ૨૭ સીજી ૩૫૨૬ છે. એ વાત ખરી છે કે,સીણોલ ગામ અરવલ્લી જીલ્લા પિતા/કાકાની સંયુકત જમીન આવેલી છે. રેખાબેન કાકી થાય છે. કાકા ગુજરી ગયેલા છે. એ વાત ખરી છે કે, તેઓએ તેમની મિલકત અંગેના સોગંદનામામાં સંયુકત કુંટુંબની મીલકત બાબતે આનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. મારૂતી વેગનઆર જીજે.૨૭ બીએસ ૦૮૮૭ ની માલીકીની ઓન લાઈન ડીટેલ્સ કોપી બતાવતા કહે છે કે સદર વાહન તેમની માતા હેમલતાબેન કૈગૌરના નામે છે. ની માલીકીની છે. તેમના નામના વાહનમાં એક બાઈક નં.જીજે ૨૭ સીજી ૩૫૩૬ ની છે. તેમને દસ્તાવેજી પુરાવા લીસ્ટથી ગામ ૭/૧૨ નો ઉતારો જોઈને કહે છે કે સીગોળ ગામ અરવલ્લી જીલ્લાની દર્શાવેલી જમીન તેમના પિતાને તેમના ભાઈઓના નામની સંયુકત આવેલી છે. મહેન્દ્રભાઈ તેમના કાકા જેઓ હાલ ગુજરી ગયા છે. રેખાબેન કાકી અને વૈભવબેન તેમના કાકાની દિકરી થાય છે.  એ વાત ખરી છે કે, તેમના કાકા ગુજરી જતા સિનોળગામની જમીનમાં તેમનો ભાગ તેમના કાકા અને તેમની દિકરીના નામે ચઢેલ છે. એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, સદરહું જમીનમાં કાકા/પિતા અને વારસદારો સંયુકત રીતે ખેતી કરે છે. મારુતી કારની ખરીદીમાં તેમને કોઈ

નાણાં આપેલા નથી. તેઓ આજરોજ રોનાબેનને સાથે થઈ જવા તૈયાર છે અને હવે કહે છે કે સાથે લઈ જવાની કોઈ શકયતા નથી. અરજદારના વકીલશ્રી ઘ્વારા સામાવાળાને પ્રશ્ન પુછવામાં આવેલ કે અમો અરજદારને ૨૦૧૬ માં કાઢી મુકેલ ત્યારથી અરજદારનું સ્ત્રીધન તમારી પાસે છે તેના જવાબમાં સામાવાળાએ જણાવેલ છે કે અમોએ અરજદારને કાઢી મુકેલ નથી અરજદારની એક બેગ અમારી પાસે છે તે આપવા તૈયાર છે. અરજદારના વકીલશ્રી ઘ્વારા સામાવાળાને પ્રશ્ન પુછવામાં આવેલ કે શ્રીનોલ ગામે તમારા પિતાની ખેતીની જમીન છે તેની આવક તમારા પિતા લે છે તેના જવાબમાં સામાવાળાએ જણાવેલ છે કે જે કંઈ આવક થાય છે તે દેવા પેટે જાય છે. તેઓના ઘરે વેગેનાર ગાડી લ ેવામાં આવેલ તે તેમના પિતાશ્રીએ ૨૦૧૭ ના ડિસેમ્બર માસમાં લીધેલી. તેમના દાદીનું અવસાન સને ૨૦૧૯ ના નવેમ્બર માસમાં થયેલું. સદર સાહેદ જણાવે છે કે અમારી તરફથી આપવામાં આવેલ સોનુ પણ અરજદાર પાસે છે. તેઓ તેમની છેલ્લી પગાર સ્લીપ નામદાર કોર્ટમાં રજુ કરવા માટે સંમત છે.

(૧૩) ત્યારબાદ સામાવાળા પક્ષ તરફે આંક–૧૮ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૨૩ થી સામાવાળા પક્ષ તરફે કલોઝીંગ પુરશીશ આપવામાં આવતાં, સામાવાળા પક્ષનો પુરાવો નોંધવાનું બંધ કરવામાં આવેલ છે.

## પુરાવાનું મૂલ્યાંકન અને નિષ્કર્ષઃ–

(૧૪) પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઈપણ જગ્યાએ વ્યાખ્યાચીત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતીય પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ "PROVED" અને "NOT PROVED" શબ્દો ઉપર અવલંબે છે. એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલિત છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરી ફરિયાદપક્ષે સામાવાળાઓ સામે ઘરેલું હિંસા આચરેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

આ કામે અરજદારની આંક–૧૦ની સરતપાસની એફીડેવીટ પુરાવો ધ્યાને લેતાં, તેમાં તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે,શરૂઆતનું લગ્ન જીવન સારી રીતે ચાલેલું. ત્યારબાદ સામાવાળા નં.૧ નાઓ દરરોજ ઘરે આવીને ફરીયાદીને કોઈ પણ વાંક ગુના વગર નાની નાની નાની બાબત ઝઘડાઓ કરી મેણાં ટોણાં મારતા અને અસહય મારઝુડ કરવા લાગેલા અને ગંદી ગાળો બોલતા અને તુ સારી નથી તેવુ કહીને ઉપારી પાડતા અને કહેતા કે મારુ તુ કંઈ બગાડી શકીશ નહી અને તારાથી થાય તે કરી લે , કોર્ટ અને પોલીસ મારું કંઈ બગાડી શકશે નહી અને ગાળાગાળી કરી માર મારતા હતા અને ફરીયાદી ઉપર ખોટો વહેમ રાખતા હતા. આ બાબતેની જાણ ફરીયાદીએ પોતાના માતા પિતાને કરેલ ત્યારબાદ આ સામાવાળા ફરીયાદીના માતા પિતા પાસે આવેલા અને માફી માંગેલ કે હવે ફરી આવી મારઝુડ કરીશું નહી અને તમારી દીકરીને મારીશ નહી અને સારી રીતે રાખીશ તેવી ખાતરી આપેલી તેથી ફરીયાદીને તેના માતા પિતાએ સાસરી મોકલેલી. ત્યારબાદ પતિ (સામાવાળા) ને કોઈ જ સુધારો વધારો થયેલ નહી અને દિવસે દિવસે ત્રાસ વધતો જતો હતો. સામાવાળા નં.૧ ના ધાંગધ્રા મુકામે નોકરી કરતા હોઈ અને અપડાઉન કરતા હતા અને ફરીયાદી સાસરીમાં સંયુકત કુંટુંબમાં રહેવા માટે ગયેલા અને ફરીયાદીના નણંદ સાસરેથી પરત આવેલ હોવાથી ફરીયાદીએ સામાવાળા નં.૧, ૨ નાને સમજાવેલ કે આપણે બેનના સાસરે જઈને તેઓને સમજાવીએ અને તેડી જવાની વાત કરીએ ત્યારે આ કામના તમામ સામાવાળાઓ ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને બિભત્સ ગાળો આપવા લાગેલા અને માર મારવા લાગેલા ફરીયાદીના નણંદ એટલે કે સામાવાળા નં.૩ નાઓના પહેલા લગ્નથી છુટાછેડા થયેલા છે અને ફરીયાદીના નણંદ પિયરમાં રહેતા હોઈ તેના સાસુ તેમજ તેના પતિને ચઢવણી કરતા હતા કે મારો ભાઈ તો સારુ ભણેલો છે તો તેને તમારા સિવાય બીજી છોકરી સાથે લગ્ન કરેલ હોત તો તેને સારું દહેજ મળત પરંતુ તારી જોડે લગ્ન કરવાથી કોઈ રકમ મળેલ નથી આમ કહી ફરીયાદીના પતિને ફરીયાદી વિરૂધ્ધ ઉશ્કેરતા અને શારીરીક તેમજ માનસીક ત્રાસ આપતા હતા. અને તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ ફરીયાદી સાથે નાની નાની બાબતમાં ઝઘડો કરેલ અને તમામ સામાવાળાઓએ ફરીયાદીને પિતાને ત્યાંથી પૈસા લઈ આવવાનું જણાવતા અને તે અંગે તેને ના પાડતા સામાવાળાએ ફરીયાદી સાથે મારા મારી કરેલ. વધુમાં ફરીયાદી જણાવે છે કે અમો ફરીયાદી અને સામાવાળા હવે ભવિષ્યમાં સાથે રહી શકીએ તેમ નથી અને આ કામના સામાવાળાએ અમો ફરીયાદીનો સંપુર્ણ ત્યાગ કરેલ છે અને આજદીન સુધી કોઈ દેખરેખ રાખેલ નથી કે કોઈ જાતની સાર સંભાળ લીધેલ નથી અને ભવિષ્યમાં પણ રાખે તેમ ન હોઈ તેમજ અમો ફરીયાદીને શારીરીક તેમજ માનસિક ત્રાસ આપેલ. આમ, ઉપરોત કરેલ રજુ પુરાવો ધ્યાને લેતાં આ કામના અરજદારે આંક–૧૮ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં અરજદારે આંક–૧ ફરીયાદ તેમજ આંક–૪ ઘરેલું હિંસાની પ્રોટેકશન ઓફિસર રિપોર્ટમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે. વધુમાં

આ કામના સામાવાળાઓ અરજદારની વિગતવારની ઉલટતપાસ કરેલ હોવા છતાં તેમનો પુરાવો ખોટો છે તેવું સાબિત કરવામાં કે વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે તેથી આ કામના અરજદારે રજુ કરેલ મૌખિક પુરાવો ભારતીય પુરાવાનો કાયદો, ૧૯૭૨ ની કલમ–૫૯ મુજબ શ્રેષ્ઠ મૌખિક પુરાવો છે અને તેને સાચો નહિ માનવા માટે કોઈ કારણ જણાતું નથી. વધુમાં આ કામના સામાવાળાએ તેમની ઉલટતપાસમાં ફરીયાદપક્ષ તરફે શુ તમે અરજદારને તેડી લઈ જવા તૈયાર છો જેના પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે અરજદાર પ્રત્યેથી તેઓને શારીરીક માનસિક ત્રાસ પહોંચાડેલ હોય તેડી જવાનો પ્રશ્ન થતો નથી તેમ જણાવેલ છે. પરંતુ આવી અરજદારે શારીરીક માનસિક ત્રાસ આપેલ હોવાની હકીકત સામાવાળાએ તેમના જવાબમાં જણાવેલ નથી કે બીજા કોઈ પુરાવાથી પુરવાર કરેલ નથી પોતાના જવાબમાં સામાવાળા પક્ષે અરજદાર સામાવાળાનો સ્વેચ્છાએ ત્યાગ કરી જતા રહેલ હોવાનો બચાવ લીધેલ છે પરંતુ તેના સમર્થનમાં પણ કોઈ જાતનો પુરાવો રજુ કરેલ નથી. આમ સામાવાળા પક્ષના આંક–૬ ના લેખિત જવાબ અને તેમની જુબાનમાં પરષ્પર વિરોધાભાષ સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ છે. વધુમાં સામાવાળાએ પોતાની માસિક ગ્રોસ પે ૫૭૦૦૦/– રૂપિયા હોવાનું કબુલ મંજુર રાખેલ છે પરંતુ અરજદારને વચગાળાના રૂપિયા ભરવા માટે રૂા.૫,૦૦,૦૦૦/– ની ક્રેડીટ સોસાયટીની લોન લીધેલ હોવાની દલીલ કરેલ છે જે કેસના સંજોગો જોતા માની શકાય તેવી હકીકત નથી. વધુમાં ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ કાયદાનો હેતુ ધ્યાને લેતાં, બંદબારણે મહિલાઓ સામે આચરવામાં આવતી ઘરેલું હિંસા સામે તેમને રક્ષણ આપવાનો છે. ભારતીય સમાજનું સ્વરૂપ ધ્યાને લેતાં સામાન્ય રીતે કોઈ સ્ત્રી માત્ર નાના મોટા કારણસર પોતાનો ઘરસંસાર ખરાબ ન જ કરે તેવી સામાન્ય ધારણા કરી શકાય છે. ઘરેલું હિંસાના કેસોમાં મોટા ભાગે કુટુંબના સભ્યો સામે જ ઘરેલું હિંસાની ફરિયાદ હોઈ સ્વતંત્ર પુરાવાઓથી અરજદારની અરજીની તમામ હકીકતોને સમર્થન મળે તેવી અપેક્ષા રાખી શકાય નહિ. આવા કેસોમાં કેસના તમામ સંજોગો અને પુરાવાઓ એક સાથે ધ્યાને લેતાં અરજદારની જુબાની વિશ્વાસપાત્ર જણાઈ આવે છે. અરજદારના પુરાવાથી એ હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે, આ કામના સામાવાળા નં.૧ નાએ અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપી પહેરેલે કપડે કાઢી મુકી માતા પિતાને ત્યાં ઓશીયાળું જીવન જીવવાની ફરજ પાડી ઘરેલું હીસા આચરેલ છે તેવું ફરિયાદપક્ષનો કેસ ના માનવાને કોઈ કારણ રહેતુ નથી.

(૧૫) આમ, ઉપરોત તમામ ચર્ચાને અંતે અરજદાર સામાવાળા નં.૧ નાએ તેણી સાથે ઘરેલુહિસા આચરેલ હોવાની હકીકત સાબિત કરવામાં સફળ રહેલ છે જયારે સામાવાળ નં. ૨ થી ૫ નાઓ ધરેલુ હિસા આચરેલ હોવા બાબતે દરેકનું ઘરેલુ હિંસા આચરવામાં ચોકકસ રોલ પુરવાર

કરવા ચોકકસ પુરાવો રજુ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ છે. આમ સામાવાળા નં.ર થી ૫ નાઓને આ કેસમાં ફોર્મલ પાર્ટી તરીકે જોડેલ હોવાનું જણાઈ આવે છે. તેથી મુદ્દા નં. ૧નો મારો નિર્ણય અંશતઃ હકારમાં આપુ છું.

(૧૬) આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે આ કામના સામાવાળા નં. ૧નાએ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ છે તેવુ પુરવાર થાય છે. તે સંજોગોમાં માત્ર રક્ષણ નો હુકમ સામાવાળા નં.૧ પુરતો કરતો જણાય છે તેની મુદ્દા નં.ર અંગે મારો નિર્ણય અશંતઃ હકારમાં આપુ છુ.

(૧૭) ઉપરોકત તમામ ચર્ચાના અંતે સામાવાળા નં.૧ નાએ અરજદાર સાથે ઘરેલુહિસા આચરેલ છે અને તેના કારણે હાલ અરજદાર પોતાના પિયરમાં રહેવા માટે મજબુર થયેલ છે. તેવુ મારૂ માનવુ છે તેથી મુદ્દા નં. ૩ અંગે મારો નિર્ણય અંશતઃ હકારમાં અપવામાં આવે છે.

(૧૮) અરજદાર ડોમેસ્ટીક વાયોલેન્સ ની કલમ–ર૦ અન્વયે સામાવાળા પાસે થી ભરપોષણ મેળવવાની માંગણી કરેલ છે.આ કામે સામાવાળાએ તેમની ઉલટતપાસમાં તેમની ગ્રોસ પે ૫૭૦૦૦/– હોવાનું કબુલ રાખેલ છે. પરંતુ સાથે તે લગત ઈન્કમટેક્ષ, લોનનો હપ્તો તેમજ પોતાની તેમજ કુંટુંબની જવાબદારીઓ લગત ખર્ચ પણ ઘ્યાને લેવાનો રહે છે . જેથી મુદા નં.૪ અંગે મારો નિર્ણય અશંતઃહકારમાં આપુ છું.

(૧૯) વધુમાં કલમ–રર હેઠળ ફરીયાદીએ વળતરની માંગણી કરેલ છે. વળતરની માંગણી માટે કોર્ટે અરજદાર સાથે ઘરેલું હિંસા થયેલ છે તે કોર્ટે ઘ્યાને લેવું જોઈએ અને તે ઘરેલું હિંસાને કારણે ફરીયાદીને શારીરીક અને માનસીક પરીતાપ થયેલો હોય તે અંગે નાણાકીય મુલ્ય ચુકવવાનો આદેશ કરી શકાય. હાલના કિસ્સામાં ફરીયાદીએ તેની સાથે થયેલી ઘરેલુ હિંસાની હકીકત જણાવે છે. આથી અરજદાર સાથે થયેલ માનસિક પરીતાપ અને સારીરીક તકલીફ અંગે વ્યાજબી રકમ મળવી જોઈએ તેથી સામાવાળ નં.૧ અરજદાર વળતર તરીકે રૂ.૫૦,૦૦૦/– ચુકવી આપેતો તે વ્યાજબી અને ન્યાયી જણાય છે તેથી મુદ્દા નં.૫ અંગે મારો નીર્ણય અંશતઃ હકારમાં આપવામાં આવેલ છે.

(ર૦) આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુ ક મ :—

૧. ફરીયાદી નાઓએ કરેલ ઘરેલું હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ—૨૦૦૫ ની કલમ—૧૨ હેઠળની અરજી અશંતઃ મજૂર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા નં.(૧) ને ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમની કલમ—૧૮ હેઠળ આદેશ કરવામાં આવે છે કે, ફરીયાદી સામે કોઈપણ પ્રકારનું કૌટુંબિક હિંસાનું કાર્ય કરવું નહી.

૩. ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ—૧૯ હેઠળ સામાવાળા નં.૧ નાઓને આદેશ કરવામાં આવે છે કે, અરજદારને રહેણાંકના ભાડા પેટે દર માસે રૂા.૫૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર) પુરા આ હુકમની તારીખ થી વખતો વખત નિયમીત દર માસની તારીખ ૧ થી ૧૦ ની વચ્ચે ચુકવવા અને હુકમ પહેલાનું ચડત ભાડુ બે માસમાં દર વખતે જે તે મહીનાની પહેલી તારીખથી દસમી તારીખ સુધીમાં અરજદારને ચુકવી આપવું. વધુમાં જો સામાવાળાએ વચગાળાના હુકમ સંદર્ભે કોઈ રકમ અરજદારને મકાન ભાડા પેટે ચુકવેલ હોય તો તેવી રકમ બાદ આપવાની રહેશે.

૪. ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ—૨૦ હેઠળ અરજદારે માંગેલ ભરણપોષણની દાદ આથી અંસતઃમંજુર કરવામાં આવે છે. આ કામના સમાવાળા નં.૧ને અરજદારને માસિક રૂ.૧૦૦૦૦/— (અંકે રૂપિયા દસ હજાર પૂરા) અરજીની તારીખ થી ચડીયેચડીયાની દર મહિના ની ૧ થી ૧૦ તારીખ અંદર હાલની અરજી તારીખથી ચુકવી આપવી તેવો આદેશ કરવામાં આવે છે. વધુમાં જો વચગાળાના હુકમ સંદર્ભે કોઈ રકમ સામાવાળાએ અરજદાર સંદર્ભે ચુકવેલ હોય તો તેવી રકમ આ રકમ માથી બાદ આપવાની રહેશે.

:— આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ભરણપોષણ ચુકવવાનો હુકમ કલમ—૨૦ નીચે કરેલ છે તે એવી શરતે કરવામાં આવેલ છે કે, અરજદાર આ ભરણપોષણની રકમ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ—૧૨૫ હેઠળના ભરણપોષણ બે માંથી એક ગમે તે એક પ્રોવીઝન તળે એક સમયગાળાનું મેળવી શકશે અને અરજદારને તે વિકલ્પ રહેશે, તેજ રીતે વચ્ચેનો તફાવતની રકમની માંગણી કરી શકશે. પરંતુ બંને પ્રોવીઝન તે ભરણપોષણની રકમ બેવડાઈ તે રીતે મેળવી શકશે નહી. તેજ રીતે આ કામે સામાવાળા નં.૧નાએ વચગાળાના ભરણપોષણ પેટે જે કોઈ રકમ અરજદારને ચુકવેલ હોય તે આ હુકમથી મંજુર કરેલ ભરણપોષણમાં મજરે આપી બાદ આપવાનું રહેશે.

૫. ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ—૨૨ હેઠળ સામાવાળા

નં.૧ ના અરજદારને વળતર પેટે રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂ. પચાસ હજાર પુરા) ચુકવી આપવા તેવો આદેશ કરવામાં આવે છે.

૬. કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૨૪ ની જોગવાઈઓ મુજબ આ ઠરાવની એક એક નકલ ફરીયાદી અને સામાવાળાને વિનામુલ્યે પુરી પાડવી.

૭. જયારે ઠરાવની એક નકલ પ્રોટેકશન ઓફીસર તરફ તથા પોલીસ ઈન્સપેકટર, મણિનગર પોલીસ સ્ટેશન અમદાવાદને હુકમ મુજબ અમલવારી થવા મોકલી આપવી.

આ હુકમ આજ તા. ૧૫, માહે મે, સને ૨૦૨૩ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૫/૨૦૨૩
મુ.અમદાવાદ.

(ડૉ.આર.એન.કરનાણી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૫, અમદાવાદ.
CODE NO. GJ01080